પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૬ | ૨૯ જાન્યુઆરી, ૨૦૨૨, શનિવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ત્રીજી લહેરમાં ઓમિક્રોનના ૭૫ ટકા કેસ

## ભારતમાં હજુ ડેલ્ટા વેરિયન્ટ પણ હોવાની નેશનલ સેન્ટર ઓફ ડીસીઝ કંટ્રોલની સ્પષ્ટતા



નવી દિલ્હી, તા.૨૮

ભારત સહિત દુનિયાભરના દેશોમાં આવેલી કોરોનાની નવી લહેરનું કારણ ઓમિક્રોન વેરિયન્ટ માનવામાં આવી રહ્યો છે. કોરોનાની ગતિ મંદ પડ્યા બાદ ઓમિક્રોન વેરિયન્ટના કેસ ઝડપથી ફેલાઈ રહ્યા હોવાનું માલુમ પડ્યું હતું. ભારતમાં ઓમિક્રોનના કેસની સંખ્યા વધતા આખરે તે ત્રીજી લહેરનું કારણ બની હોવાનું માનવામાં આવી રહ્યું છે. જાન્યુઆરી મહિનામાં નોંધાયેલા કેસમાં થયેલા એક સંશોધનમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. નેશનલ સેન્ટર ઓફ ડીસીઝ કંટ્રોલ (એનસીડીસી)ના ડિરેક્ટર સંજીત સિંઘે જણાવ્યું કે, સાર્સ કોવવીર ના જાન્યુઆરીમાં પોઝિટિવ આવેલા કેસના જીનોમ સિક્વન્સિંગમાં માલુમ પડ્યું કે તેમાંથી ૭૫% ઓમિક્રોન વેરિયન્ટથી સંક્રમિત હતા. તેમણે કહ્યું કે આ સિવાય ડેલ્ટા વેરિયન્ટના સંક્રમણ પણ જોવા મળ્યા છે, જે ખાસ કરીને ઓડિશા, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે. સંજીત સિંઘે જણાવ્યું કે, એ સાચું નથી કે માત્ર ઓમિક્રોન વેરિયન્ટ જ મળી રહ્યા છે,

● અનુસંધાન પાન-૭ પર

# અનામતના માપદંડોમાં હસ્તક્ષેપનો સુપ્રીમનો ઈનકાર

**સુપ્રીમનો તેના પહેલાના નિર્ણયમાં ફેરફારનો ઈનકાર : સરકારે રિવ્યુ કરવો જોઈએ કે, પ્રમોશનમાં અનામત દરમિયાન દલિતોને ઉચિત પ્રતિનિધિત્વ મળ્યું છે કે નહીં**

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને પ્રમોશનમાં અનામતના માપદંડોમાં હસ્તક્ષેપ કરવાની મનાઈ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટે પોતાના પહેલાના નિર્ણયમાં અનામત માટે જે માપદંડો તૈયાર કર્યા હતા તેમાં છેડછાડ ન થઈ શકે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સરકારે સમય સમય પર એ રિવ્યુ કરવો જોઈએ કે, પ્રમોશનમાં અનામત દરમિયાન દલિતોને ઉચિત પ્રતિનિધિત્વ મળ્યું છે કે નહીં. જસ્ટિસ નાગેશ્વર રાવની અધ્યક્ષતાવાળી ૩ જજોની બેંચે કહ્યું કે, પહેલાના નિર્ણયોમાં નિર્ધારિત અનામતની જોગવાઈઓ અને ધોરણોને હળવા નહીં કરવામાં આવે. જોકે કોર્ટે કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય પોતપોતાની સેવાઓમાં એસસી-એસટી માટે અનામતના ગુણોત્તરમાં સમુચિત પ્રતિનિધિત્વને લઈ નિર્ધારિત સમયાવધિ પર રિવ્યુ ચોક્કસ કરશે. પ્રમોશનમાં અનામત પહેલા ઉચ્ચ પદો પર પ્રતિનિધિત્વના આંકડા એકઠા કરવા ખૂબ જરૂરી છે. આ મામલે આગામી સુનાવણી ૨૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. જસ્ટિસ એલ નાગેશ્વર રાવ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બીઆર ગવઈની બેન્ચે આ નિર્ણય સંભળાવ્યો હતો. સરકારી



નોકરીઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અધિકારીઓ-કર્મચારીઓને પદોન્નતિમાં અનામતને લઈ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે ઓક્ટોબર ૨૦૨૧માં પોતાનો નિર્ણય સુરક્ષિત કરી લીધો હતો. અગાઉ સુનાવણી દરમિયાન કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, એ જીવનની સચ્ચાઈ છે કે, આઝાદીના આશરે ૭૫ વર્ષ બાદ પણ એસસી-એસટીના લોકોને આગળની જાતિઓની સમાન યોગ્યતાના સ્તરે નથી લાવી શકાયા.

# ફાઈઝરને યુરોપિયન યુનિયનની મંજૂરી

**ઉચ્ચ જોખમ ધરાવતા દર્દીઓના જીવનને બચાવશે : યુરોપિયન યુનિયનના આરોગ્ય નિયમનકારએ અમેરિકન કંપની ફાઈઝરની કોવિડ-૧૯ એન્ટિ-વાયરલ પિલના ઉપયોગને મંજૂરી આપી છે**

લંડન,તા.૨૮

કોરોના વાયરસ સામેની લડાઈમાં વધુ એક હથિયાર મળી આવ્યું છે. યુરોપિયન યુનિયનના આરોગ્ય નિયમનકારએ અમેરિકન કંપની ફાઈઝરની કોવિડ-૧૯ એન્ટિ-વાયરલ પિલના ઉપયોગને મંજૂરી આપી છે. એવું માનવામાં આવે છે કે આ ગોળી કોરોનાના નવા પ્રકારો પર પણ અસરકારક છે અને સંક્રમણને ઝડપથી ફેલાતા અટકાવે છે. યુરોપિયન મેડિસિન એજન્સીએ એક નિવેદન આપતા કહ્યું છે કે તેણે કોરોનાથી પીડિત પુખ્ત વયના લોકોની સારવાર માટે પેક્સલોવિડને અધિકૃત કરવાની ભલામણ કરી છે જેમને બીમારીના ગંભીર થવાનું જોખમ છે. તમને જણાવી દઈએ કે પેક્સલોવિડને અત્યાર સુધી યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને ઈઝરાયેલ સહિત મુઠ્ઠીભર દેશોમાં ૧૨ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે અધિકૃત કરવામાં આવી છે. અમારી સંલગ્ન વેબસાઈટ WION માં સમાચાર એજન્સી AFP દ્વારા પ્રકાશિત સમાચાર અનુસાર, યુરોપિયન યુનિયને ઔપચારિક મંજૂરી પહેલા Omicron સામે કટોકટીનાં પગલાં તરીકે સભ્ય દેશોને Pfizerની ગોળીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. દવામાં બે પ્રકારની ગોળીઓનો સમાવેશ થાય છે, જેમાં પ્રથમ કોવિડ-૧૯ ઉપચાર છે જે ઘરે લઈ શકાય છે. તે સામાન્ય રીતે ઉચ્ચ જોખમ ધરાવતા દર્દીઓને આપવામાં આવે છે જેમને બગડતી સ્થિતિને કારણે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.

# બજેટ પેપરલેસ હશે, હલવા સેરેમનીને બદલે મીઠાઈ અપાઈ

**આગામી સપ્તાહે લોકસભામાં બજેટ રજૂ થશે : સામાન્ય રીતે બજેટ પ્રિન્ટીંગનુ કામ હલવા સેરેમની સાથે શરૂ થાય જે બાદ તમામ અધિકારી બંધ થઈ જાય છે**

નવી દિલ્હી, તા.૨૭

નાણા મંત્રી નિર્મલા સીતારમણ આગામી સપ્તાહની શરૂઆતમાં લોકસભામાં બજેટ રજૂ કરવાના છે. કોરોના મહામારીની નવી લહેર વચ્ચે આવી રહેલા આ બજેટથી લોકોને ઘણી આશા છે. આ દરમિયાન નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ કે આ વખતે પણ બજેટ પેપરલેસ રહેવાનુ છે. લોકસભાના તમામ સદસ્યો સહિત અન્ય તમામ લોકોને બજેટની ડિજિટલ કોપી આપવામાં આવશે. મહામારીને જોતા આ વખતે હલવા સેરેમનીનુ આયોજન પણ થયુ નથી. સામાન્ય રીતે બજેટ પ્રિન્ટીંગનુ કામ હલવા સેરેમની સાથે શરૂ થાય છે. જે બાદ બજેટ તૈયાર કરવામાં લાગેલા તમામ અધિકારી મંત્રાલયના બેસમેન્ટમાં બંધ થઈ જાય છે જ્યારે લોકસભામાં બજેટ રજૂ થઈ જાય છે, તે બાદ જ તેઓ કોઈને મળી શકે છે.

જોકે આ વખતે હલવા સેરેમનીનુ આયોજન થયુ નથી બજેટની તૈયારીમાં લાગેલા લોકોને હલવાની જગ્યાએ મિઠાઈઓ આપવામાં આવી છે. નિવેદનમાં જણાવાયુ છે કે આ વખતે પણ બજેટ પેપરલેસ રહેશે. આ મોબાઈલ એપ દ્વારા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ઘણા રાજ્યોમાં હિમવર્ષા અને વરસાદની સંભાવના

**આગામી ૨ દિવસ તીવ્ર ઠંડીનો કહેર : ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તીવ્ર ઠંડીથી લોકોની મુશ્કેલીઓ વધી રહી છે, પૂર્વ ભારતમાં પારો ઘટશે**



નવી દિલ્હી,તા.૨૮

આગામી બે-ત્રણ દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, મધ્ય ભારત, પૂર્વ ભારત અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં શીત લહેર આવવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે આ દરમિયાન ભારતના ઘણા રાજ્યોમાં વરસાદ પડશે. હવામાન વિભાગ અનુસાર, તાજા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૨૯-૩૧ જાન્યુઆરી દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. અન્ય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ, પશ્ચિમ હિમાલય વિસ્તારમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. આ સિવાય મેદાની વિસ્તારોમાં ૨ થી ૪ ફેબ્રુઆરી દરમિયાન હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, વિદર્ભ, બિહાર અને છત્તીસગઢના અલગ-અલગ ભાગોમાં અને ૨૮ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# કેસ ઘટ્યા : દેશમાં કોરોનાના નવા ૨,૫૧,૨૦૯ કેસ નોંધાયા

**દૈનિક ચેપ દર ૧૫.૮૮ ટકા છે જ્યારે સાપ્તાહિક ચેપ દર ૧૭.૪૭ ટકા છે, અત્યાર સુધીમાં ૭૨.૩૭ કરોડ ટેસ્ટ કરાયા**

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના કેસ ગઈકાલની સરખામણીએ આજે ઘટ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૨ લાખ ૫૧ હજાર ૨૦૯ નવા કેસ નોંધાયા છે અને ૬૨૭ લોકોના મોત થયા છે. દેશમાં દૈનિક હકારાત્મકતા દર હવે ઘટીને ૧૫.૮૮ ટકા પર આવી ગયો છે. મોટી વાત એ છે કે ગઈકાલથી દેશમાં ૧૨ ટકા કેસ ઓછા થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૧ લાખ ૫ હજાર ૬૧૧ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૯૨ હજાર ૩૨૭ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે ત્રણ લાખ ૪૭ હજાર ૪૪૩ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૮૦ લાખ ૨૪ હજાર ૭૭૧ લોકો ચેપ મુક્ત થઈ ગયા છે. હાલમાં, દૈનિક ચેપ દર ૧૫.૮૮ ટકા છે જ્યારે સાપ્તાહિક ચેપ દર ૧૭.૪૭ ટકા છે. દેશમાં અત્યાર સુધીમાં ૭૨.૩૭ કરોડ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫,૮૨,૩૦૭ ટેસ્ટનો સમાવેશ થાય છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૬૪ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૫૭ લાખ ૩૫ હજાર ૬૯૨ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૬૪ કરોડ ૪૪ લાખ ૭૩ હજાર ૨૧૬ ડોઝ આપવામાં આવ્યા છે.

# ભારતે મિસાઈલ રક્ષા પ્રણાલી ખરીદતાં અમેરિકા ચિંતિત

વૉશિંગ્ટન, તા.૨૭

ભારતે રશિયા પાસેથી બહુ-અરબ મિસાઈલ રક્ષા પ્રણાલી ખરીદવા પર અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી છે. ભારતે ભારપૂર્વક કહ્યુ કે દેશના નિર્ણય તેમની રાષ્ટ્રીય સુરક્ષાની રક્ષા માટે તેમના રાષ્ટ્રીય હિત પર આધારિત છે. રાજ્ય વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યુ કે કેટલાક સ્તરે આ તે ચિંતાઓને બદલતુ નથી જે આપણી પાસે એસ-૪૦૦ પ્રણાલીની સાથે છે. મને લાગે છે કે આ અસ્થિર ભૂમિકા પર એક સ્પોટલાઈટ ચમકે છે જે રશિયા ના માત્ર ક્ષેત્રમાં પરંતુ સંભવિત રીતે પણ રમી રહ્યુ છે. તેમણે કહ્યુ, જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

# યેદિયુરપ્પાની પૌત્રીની આત્મહત્યા

બેંગલુરુ, તા.૨૭

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાની પૌત્રી (મોટી પુત્રીની પુત્રી) બેંગલુરુ સ્થિત ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ૩૦ વર્ષીય સૌંદર્યા પોતાના ઘરે મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસે આ અંગે અનનેચરલ ડેથનો કેસ નોંધ્યોછે. પોલીસે આશંકા વ્યકત કરી છે કે સૌંદર્યાએ આત્મહત્યા કરી હોવી જોઈએ પરંતુ તપાસ ચાલી રહી છે. સૌંદર્યા નીરજ એક ડોક્ટર છે અને તે એમએસ રમૈયા હોસ્પિટલમાં કામ કરતા હતા. તેમણે ૨૦૧૯માં ડોક્ટર નીરજ સાથે લગ્ન કર્યા હતા.

# બિહાર બંધ : રસ્તા જામ, ટ્રેનો રોકાઈ

**રેલવે પરીક્ષામાં ગેરરીતિના વિરોધમાં બંધ : રેલવે ભરતી બોર્ડ એનટીપીસી પરીક્ષાના પરિણામોમાં ગેરરીતિને લઈ વિદ્યાર્થીઓ દ્વારા બિહાર બંધનું આહ્વાન**

પટણા, તા.૨૭

રેલવે પરીક્ષામાં ધાંધલીના વિરોધમાં બિહાર વિપક્ષે આજે બંધનું એલાન કર્યું છે. વિદ્યાર્થી સંગઠનોને બંધમાં મહાગઠબંધનનો સાથ મળ્યો છે. આ તરફ કોચિંગ સંચાલક ફૈઝલ ખાને વિદ્યાર્થીઓને પ્રદર્શન ન કરવા વિનંતી કરી છે. સમગ્ર બિહારમાં સુરક્ષાની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રદર્શનકારીઓએ આજે સમગ્ર બિહારમાં રસ્તાઓ જામ કર્યા, ટ્રેનો રોકી અને ટાયરો સળગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રેલવે ભરતી બોર્ડ એનટીપીસી પરીક્ષાના પરિણામોમાં ગેરરીતિને લઈ વિદ્યાર્થીઓએ આજે બિહાર બંધનું આહ્વાન કર્યું છે. લેફ્ટના વિદ્યાર્થી સંગઠન એશિયા દ્વારા જાહેર કરવામાં આવેલા બંધને બિહારની

● અનુસંધાન પાન-૭ પર




## ટેલિફોનીક બેસણું



**સ્વ. શ્રીદેવી નટવરલાલ પંડિત**
(મંત્રી, ગ્રામ સેવા મંદિર, નારદીપુર)

અમારા માતૃશ્રી શ્રીદેવી નટવરલાલ પંડિત
તા. ૨૭/૧/૨૦૨૨ના રોજ દેવલોક પામ્યા છે.

વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું ટેલિફોનીક બેસણું તારીખ : ૩૦/૧/૨૦૨૨, રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખેલ છે.

આપની લાગણી અને સંવેદના પ્રગટ કરવા
ટેલિફોનીક સંવાદ રૂબરૂ આવવા તુલ્ય ગણાશે.

લિ.
**જયગોપાલ એન. પંડિત**
(નિયામક, ગ્રામ સેવા મંદિર)
મો. ૯૪૨૬૦ ૨૩૫૪૯
જાગૃતિ જે. પંડિત - ૯૪૦૯૦ ૬૫૫૭૯
વર્ષાબેન ડી. દવે - ૯૯૨૫૫ ૯૮૯૮૯
યશ જે. પંડિત, નિરાલીબેન, રૂચાબેન